શ્રી

<u>બાનાખત</u>

સંવત ૨૦૭૩ ના વૈશાખ વદ .... ને .... વાર તા. ...... માહે મે સને ૨૦૧૭ ના રોજ આ બાનાખત લખી લેનાર,

<u>**પહેલા પક્ષવાળા :–**</u>

.... જાતે હિન્દુ ઉ.વ. ...... આસરે ધંધો .... ઠે. .... જેમને હવે પછી આ બાનાખતમાં પહેલા પક્ષવાળા અથવા વેચાણ લેનાર કે તમો એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં તમો આ બાનાખત લખી લેનાર પહેલા પક્ષવાળા તથા પહેલા પક્ષવાળાના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદ્દેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ બાનાખત લખી આપનાર,

<u>**બીજા પક્ષવાળા/જમીન માલીક :–**</u>

શ્રી મનીષ કિરીટભાઇ પટેલ જાતે હિન્દુ ઉ.વ. ૪૮ આસરે ધંધો ખેતી તથા વેપાર ઠે. ૪૦૧, 'ગ્રીન લીફ', ૪૩, ધી ફ્રેન્ડસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અલકાપુરી, વડોદરા. જેમને હવે પછી આ બાનાખતમાં બીજા પક્ષવાળા અથવા જમીન માલીક કે વેચાણ આપનાર કે અમો એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો આ બાનાખત લખી આપનાર બીજા પક્ષવાળા તથા બીજા પક્ષવાળાના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદ્દેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે. તથા

<u>**ત્રીજા પક્ષવાળા/સંમતિ આપનાર :–**</u>

મેસર્સ સમન્વય સ્પર્શ એ નામની ભાગીદારી પેઢી, કે જેની ઓફીસ બીલાબોંગ સ્કુલની પાછળ, વડસર રોડ, વડોદરા એ ઠેકાણે આવેલી છે, તે ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ચિંતન દિવ્યાંગકુમાર બ્રહ્મભટ્ટ જાતે હિન્દુ ઉ.વ. ...... આસરે ધંધો વેપાર. જેમને હવે પછી આ બાનાખતમાં ત્રીજા પક્ષવાળા કે સંમતી આપનાર એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો ત્રીજા પક્ષવાળાની ભાગીદારી પેઢી તથા તે ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના જે

ભાગીદારો અસ્તિત્વમાં હોય તે તમામ ભાગીદારો તથા તે તમામ ભાગીદારોના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને આ બાનાખત લખી આપીએ છીએ કે,

અમો બીજા પક્ષવાળાની સ્વતંત્ર માલકી અને કબજા ભોગવટાની જમીન, કે જે મોજે ગામ વડસર તા. વડોદરાના રે.સર્વે નં. ૧૪૯, સીટી સર્વે નં. ૨૩૪, મુસદ્ધારૂપ ટી.પી. સ્કીમ નં. ૩૨ (વડસર)ના ફાઈનલ પ્લોટ નં. ૩૬ વાળી છે, તે જમીન અંગે, અમો બીજા પક્ષવાળાએ ત્રીજા પક્ષવાળાને, એક ડેવલપમેન્ટ કરાર તા. ૧૯–૫–૨૦૧૭ ના રોજ કરી આપેલો છે. જે ડેવલપમેન્ટ કરાર વડોદરા સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી, વડોદરા–૩ (અકોટા)ની કચેરીમાં ૧ નંબરની બુકમાં ૭૭૮૭ નંબરે તા. ૧૯–૫–૨૦૧૭ ના રોજથી નંધાએલ છે. જેથી ત્રીજા પક્ષવાળાને, આ બાનાખતમાં સંમતિ આપનાર તરીકે લીધેલા છે. જેથી ત્રીજા પક્ષવાળાની સંમતિથી, સદર નીચે વર્ણનમાં જણાવેલી સ્થાવર મીલકત, તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવાની નક્કી કરી છે, તે મીલકતનું વર્ણન :–

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા–૩ (અકોટા)ના મોજે વડસર તા. વડોદરાના,

રે. સર્વે નં.	હેકટર–આરે	આકાર રૂા.
૧૪૯	૧–૦૬–૨૩	૧૧=૫૬

વાળી જમીન આવેલી છે. સદર જમીન, વડોદરા સીટી સર્વે કચેરીમાં, મોજે વડસરના સીટી સર્વે નં. ૨૩૪ થી નંધાએલ છે. તેમજ સદર જમીનનો વડોદરા મહાનગર સેવા સદનની મુસદ્ધારૂપ ટી.પી. સ્કીમ નં. ૩૨ (વડસર)માં સમાવેશ થતાં, તેને ફાઈનલ પ્લોટ નં. ૩૬ ફાળવેલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ સુમારે ચો.મી. ૬૩૭૪ છે. જેમાં બાંધકામ કરવા માટે, વડોદરા મહાનગર સેવા સદનમાં, રજાચિઠ્ઠી નં. વોર્ડ–૪, એલ–૧૬૦/૨૦૧૬–૨૦૧૭ તા. ૨૩–૧૨–૨૦૧૬ ના રોજ નકશા મંજુર કરાવીને, **" સમન્વય સ્પર્શ "** એ નામ રાખીને કુલ–૧૧ (અગ્યાર) ટાવર એટલે કે, **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર **'ડી'** ટાવર, **'ઈ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઈ'**

ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવરનું બાંધકામ કરવાનું આયોજન કરેલું છે. જેમાં **'એ'** ટાવર તથા **'બી'** ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરમાં આગળના ભાગે દુકાનો તથા તેની ઉપર રહેણાંકના ફ્લેટો તેમજ બાકી તમામ ટાવરમાં રહેણાંકના ફ્લેટો બાંધવાનું આયોજન કરેલ છે. તે પૈકી **'એ'** ટાવરના .... ફ્લોરમાં આવેલ અધુરા બાંધકામવાળો ફ્લેટ નં. **.........** તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપવાનો નક્કી કર્યો છે. સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટનો કારપેટ એરીયા ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી કોમન આંતરીક રસ્તાની તથા કોમન પ્લોટની તથા સદર યોજનાની વણવહેંચાએલી જમીન મળી, કુલ વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. સદર ફ્લેટ આર.સી.સી.ના ધાબાવાળો છે. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટની .... દિશા તરફ જે ખુલ્લી અગાસી આવેલી છે, કે જેનું ક્ષેત્રફળ આસરે ચો.મી. .... છે, તે અગાસી પણ, સદર ફ્લેટ સાથે, તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપવાની નક્કી કરેલ છે. વેચાણવાળા ફ્લેટની ચતુઃ સીમા :–

પુર્વે :–

પશ્ચિમે :–

ઉત્તરે :–

દક્ષિણે :–

સદર ઉપર વર્ણનમાં જણાવેલ રે.સર્વે નં. ૧૪૯ વાળી જમીનનો બીન ખેતીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે, શહેર વડોદરાના કલેકટર સાહેબશ્રી તરફથી તેમના હુકમ ક્રમાંકઃ રીવી/એન.એ./એસ.આર./૨૪૬/૨૦૧૨–૧૩ નં. જમીન–ડી/કલમ–૬૫/વશી/૧૬૪૯/૧૩ તા.

૬–૫–૨૦૧૩ ના રોજથી પરવાનગી મળેલી છે.

એ રીતેની વિગતવાળો **'એ'** ટાવરના .... ફ્લોરમાં આવેલ અધુરા બાંધકામવાળો ફ્લેટ, તેમાં જવા આવવાના રસ્તા, પાણીના નીકાલ સાથે, તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્ક સંબંધ સાથે, તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવાનો નક્કી કર્યો છે. તેની વેચાણ કિંમતના ₹ .... /– અંકે .... રૂપીયા નક્કી કર્યા છે. તેના પેટે બાનાના

₹ .... /– અંકે .... રૂપીયા તમો પહેલા પક્ષવાળાએ ચેકથી આપ્યા છે. બાકી રહેલો વેચાણ અવેજ, તમો પહેલા પક્ષવાળાએ આજથી માસ–૨૪ (ચોવીસ) માસમાં નીચે જણાવેલ હપ્તેથી ચુકવવાનો રહેશે.

અનુ. નં.	હપ્તાનો પ્રકાર	રકમ (ટકાવારીમાં)
(૧)	આજથી દિવસ – ૧૫ માં	૨૫ %
(૨)	પ્લીંથ વખતે	૧૫%
(૩)	પહેલા સ્લેબ વખતે	૧૦%
(૪)	બીજા સ્લેબ વખતે	૧૦%
(૫)	ત્રીજા સ્લેબ વખતે	૧૦%
(૬)	ચોથા સ્લેબ વખતે	૧૦%
(૭)	પાંચમા સ્લેબ વખતે	૧૦%
(૮)	ચણતરકામ વખતે	૫%
(૯)	પઝેશન (દસ્તાવેજ) વખતે	૫%

એ રીતે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબ તમો પહેલા પક્ષવાળાએ, સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકતનો વેચાણ અવેજ ચુકવવાનો રહેશે. સદર મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ તમો પહેલા પક્ષવાળા પાસેથી ચુકતે મળી ગયા બાદ, સદર મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષવાળાને લખી આપી, રજીસ્ટર્ડ કરી આપીશું. તેમજ ઉપર લખેલી મુદત મુજબ અને તે મુદતમાં તમો પહેલા પક્ષવાળા, સદર મીલકતનો વેચાણ અવેજ ચુકવવામાં કસુર કરશો તો, આપેલા બાનાના રૂપીયા પાછા માંગવા તમો પહેલા પક્ષવાળાનો હકક રહેશે નહી અને આ બાનાખત રદ્ થયેલું ગણાશે. તેમજ આ બાનાખતથી એવું પણ સ્પષ્ટ નક્કી કરવામાં આવે છે કે, જો કોઇ સંજોગોમાં, સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકત, તમો પહેલા પક્ષવાળા વેચાણ રાખવાની રદ્ કરો તો (કેન્સલ કરો તો), તેવે સંજોગે, ઇલાયદી નક્કી થયા મુજબની કેન્સલેશન ફી કાપીને ફક્ત બાકી રહેલ નાણાં જ અમો ત્રીજા પક્ષવાળા, સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકત, બીજા કોઇ ઇસમને વેચાણ આપવાની નક્કી કરીએ ત્યાર બાદ જ તેમજ તેવા ઇસમ પાસેથી

તેવા નાણાં મેળવીને જ અમો ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને પરત આપવા બંધાએલા રહીશું. તદ્ઉપરાંત, આ બાનાખથી એવું પણ સ્પષ્ટ નક્કી કરવામાં આવે છે કે, તેવે સંજોગે, જો કોઇ સરકારી ટેક્ષ ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય તો, અથવા તો, સદર તમો પહેલા પક્ષવાળાએ વેચાણ રાખવા નક્કી કરેલ મીલકતમાં તમો પહેલા પક્ષવાળાએ જો કોઇ એકસ્ટ્રા બાંધકામનું કામ કરાવ્યું હશે તો, તેવા નાણાં પણ કાપીને, બાકી રહેતાં નાણાં અમો ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને ચુકવીશું. તેમજ તેવે સંજોગે, બાનાખત તેમજ ઇતર કોઇપણ આપણ વચ્ચે થયેલ લખાણો રદ્ કરવાનો જે કાંઇપણ ખર્ચ થાય, તેવો તમામ ખર્ચ તમો પહેલા પક્ષવાળાએ ભોગવવાનો રહેશે.

સદર મીલકત અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાએ બીજા કોઇને ત્યાં કોઇપણ પ્રકારે લખી આપી જોખમમાં નાખેલી નથી. બીન જોખમી છે અને તેના ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ છે, એવો તમો પહેલા પક્ષવાળાને પાકો ભરોસો અને વિશ્વાસ આપી વેચાણ આપવાની નકકી કરી છે. છતાં હરકતો થાય તો તે હરકતો અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા અમારા પોતાના ખર્ચે દુર કરાવી આપીશું.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકતનું, વડોદરા મહાનગર સેવા સદનમાંથી કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવતા અગાઉ, સદર મીલકત અંગે, વડોદરા મહાનગર સેવા સદનમાં ૧ (એક) વર્ષના એડવાન્સ વેરા ભરપાઇ કરવાનો કાયદો હાલમાં અમલમાં છે. જેથી કરીને આ બાનાખતથી આપણ બંન્નેવ પક્ષવાળા વચ્ચે એવું સ્પષ્ટ નક્કી કરવામાં આવે છે કે, તેવું કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવવા અંગેની જાણ અમો ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને જ્યારે પણ કરીએ ત્યારે, તે દિવસથી દિન–૭ (સાત) દિવસની અંદર, તમો પહેલા પક્ષવાળાએ, તેવા ભરવા પાત્ર થતાં વેરાના નાણાં, અમો ત્રીજા પક્ષવાળાને ઇલાયદા ચુકવવાના રહેશે અને તેમ કરવામાં જો તમો પહેલા પક્ષવાળા કસુર કરશો તો, તેવે સંજોગે, તમો પહેલા પક્ષવાળાએ તેવા ભરવાના આવતા વેરાના નાણાં વ્યાજ સહીત અમો ત્રીજા પક્ષવાળાને ચુકવવાના રહેશે અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધિન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ મીલકત તમો પહેલા પક્ષવાળાએ અમો ત્રીજા પક્ષવાળા પાસેથી આથી વેચાણ રાખવાની નક્કી કરેલ છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકતનો પુરે–પુરો વેચાણ

અવેજ અમો ત્રીજા પક્ષવાળાને તમો પહેલા પક્ષવાળા પાસેથી ચુકતે મળી ગયા બાદ, અમો ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને, સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની સુચના આપીએથી દિવસ–૩૦ (ત્રીસ) દિવસની અંદર, સદર મીલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષવાળાએ અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા પાસેથી કરાવી લેવાનો રહેશે. તેમજ તેવો વેચાણ દસ્તાવેજ થયા બાદ, દિવસ–૬૦ (સાંઈઠ) દિવસ બાદ, સદર મીલકતનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો અમો ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને સોંપીશું અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલી મીલકત તમો પહેલા પક્ષવાળાએ અમો ત્રીજા પક્ષવાળા પાસેથી આથી વેચાણ રાખવાની નક્કી કરી છે.

સદર આખી યોજનાનું નામ **" સમન્વય સ્પર્શ "** આપેલું છે અને તે કાયમ રાખવાનું છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર **" સમન્વય સ્પર્શ "** એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, તે સીવાય મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવર **તેમજ 'એ'** ટાવર તથા **'બી'** ટાવરના ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફ્લોરના આગળના ભાગે આવેલ દુકાનો અંગેની કોઇપણ કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝમાં તમો પહેલા પક્ષવાળાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધીન રહીને જ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખવાની નક્કી કરેલ છે.

સદર **" સમન્વય સ્પર્શ "** એ નામે ઓળખાતી યોજનાના દરેક ટાવર એટલે કે, **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવર માટે ઇલાયદી લીફ્ટ; દાદર; કોમન પેસેજ; કોમન પાણીની લાઇનો તથા કોમન ડ્રેનેજ લાઇન; કોમન લાઇટ ફીટીંગ; ઓવરહેડ પાણીની ટાંકી વિગેરે સુવિધાઓ અમો ત્રીજા પક્ષવાળા કરી/બનાવીને આપવાના છીએ. **તેમજ** સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અંગેની કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝમાં પણ અમો ત્રીજા પક્ષવાળા, સદર આખી યોજનામાં ટ્રીમીક્ષ સીમેન્ટ કોંક્રીટ રોડ; રોડ ઉપર સ્ટ્રીટ લાઇટ; અંડર ગ્રાઉન્ડ જી.ઇ.બી.

કેબલીંગ; અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી; મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ કુલ–૨ (બે) કોમન પ્લોટ, જે પૈકી કોમન પ્લોટ નં. ૧ માં કલબ હાઉસ, ગાર્ડન તથા સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર તેમજ કોમન પ્લોટ નં. ૨ માં ગાર્ડન તથા સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર; માર્જીનની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક નાખી/બનાવીને આપવાના છીએ. તેમજ તે તમામ કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝને મેન્ટેનન્સ કરવા માટે તેમજ તે તમામ સુવિધાઓનો સરકારી તથા અર્ધસરકારી વેરાઓ તેમજ ઈલેકટ્રીક લાઇટ બીલ ભરવા તેમજ તે અંગેનો ઈતર તમામ વહીવટ કરવા અંગે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના એટલે કે, **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઈ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઈ'** ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવરના તમામ ફલેટોના માલીકોએ ભેગા મળી એક મંડળ અથવા એસોસીએશનની રચના કરવાની રહેશે અને તે રચાએલ મંડળ અથવા એસોસીએશનમાં, તમો પહેલા પક્ષવાળાએ ફરજીયાત મેમ્બર થવાનું રહેશે અને વરાડે આવતી રકમ આપવાની રહેશે અને તે શરતને આધીન રહીનેજ, સદર ફલેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપવાનો નક્કી કર્યો છે. તેમજ તે રચાયેલ મંડળ અથવા એસોસીએશનના તમામ સભાસદો પાસેથી ઉઘરાવેલ મેમ્બરશીપ ફીમાંથી, સદર ઉપરોકત જણાવેલ તમામ ફેસીલીટીઝ તથા એમીનીટીઝનું મેન્ટેનન્સ કરવાનું રહેશે તેમજ તેના તમામ વેરા તથા ઈલેકટ્રીક લાઇટ બીલ પણ તેમાંથીજ ભરવાના રહેશે. તેમજ ભવિષ્યમાં જો, ઉપરોક્ત જણાવેલ ફેસીલીટીઝ તથા એમીનીટીઝને મેન્ટેન કરવા માટે, સદર રકમ ઓછી પડે તો, તેવે સંજોગે, દરેક મેમ્બરે પોતાના હિસ્સે આવતી રકમ, સદર મંડળ/એસોસીએશનમાં આપવાની રહેશે અને તે શરતને આધીન રહીનેજ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખવાની નક્કી કરેલ છે. તે જ પ્રમાણે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનામાં જે અન્ડર ગ્રાઉન્ડ ઈલેકટ્રીક લાઇટની લાઇન નાખેલ છે, તે અંડર ગ્રાઉન્ડ ઈલેકટ્રીક લાઈનનું તમામ પ્રકારનું મેન્ટેનન્સ પણ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશને અથવા તો મેમ્બરોએ પોતાના સ્વખર્ચે કરવાનું રહેશે. જેમાં અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી અને તે શરતને આધીન રહીનેજ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખવાની નક્કી કરેલ છે. તદ્ઉપરાંત, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અમો ત્રીજા પક્ષવાળાએ

આયોજીત કરેલ હોવાના કારણોસર, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાને અથવા તો, સદર 'એ' ટાવરનું મેન્ટેનન્સ કરવા માટે જ્યારે પણ મંડળ કે એશોસીએશનની રચના કરવામાં આવે ત્યારે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અથવા તો 'એ' ટાવરમાં જેટલા પણ ફ્લેટોનું વેચાણ અમો ત્રીજા પક્ષવાળાથી થયેલ ના હોય, તેવા ફ્લેટોના મેન્ટેનન્સ ચાર્જના નાણાં અમો ત્રીજા પક્ષવાળા, સદર એશોસીએશનમાં જમા કરાવીશું નહી અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે અંગે તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અથવા તો સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજનાના અથવા તો 'એ' ટાવરના તમામ બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે ભેગા મળીને અમો ત્રીજા પક્ષવાળા સાથે કોઇપણ પ્રકારની તકરાર કરવાની રહેશે નહી, જે આ બાનાખતની એક મુખ્ય શરત છે.

સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ, જે કુલ–૨ (બે) કોમન પ્લોટ દર્શાવેલ છે, તે કોમન પ્લોટનો તથા તે કોમન પ્લોટની અંદર, અમો ત્રીજા પક્ષવાળા જે કલબ હાઉસ; સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર તથા ગાર્ડન ડેવલપ કરી/બનાવીને આપીએ, તે તમામનો વાપર, ઉપભોગ, ઉપયોગ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ટાવરના એટલે કે, ફક્ત **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવરના તમામ ફ્લેટોના માલીકોએ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અંગે રચાએલ મંડળ કે એશોસીએશનના નીતી નિયમ મુજબ સહીયારી રીતે કરવાનો રહેશે. પરંતું, તે તમામનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવર તથા **'બી'** ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરમાં આગળના ભાગે આવેલ દુકાનોના કોઇપણ માલીકોનો રહેશે નહી.

સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ, જે ૭.૫ મીટર પહોળા કોમન આંતરીક રસ્તા દર્શાવેલા છે, તે કોમન આંતરીક રસ્તાનો વાપર, ઉપભોગ, ઉપયોગ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ટાવરના એટલે કે, ફક્ત **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર,

'આઇ' ટાવર, **'જે'** ટાવર તથા **'કે'** ટાવરના તમામ ફ્લેટોના માલીકોએ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશનના નીતી નિયમ મુજબ સહીયારી રીતે કરવાનો રહેશે. પરંતું, તે તમામનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવર તથા **'બી'** ટાવરના ગ્રાઉન્ડ ફ્લોર તથા ફ્સ્ટ ફ્લોરમાં આગળના ભાગે દુકાનોના કોઇપણ માલીકોનો રહેશે નહી.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરની નીચેની જમીનમાં, તમો પહેલા પક્ષવાળાનો, તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મીલકતના ક્ષેત્રફળના પ્રમાણમાં, વગર વહેંચાયેલો સહીયારો હીસ્સો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરવાળી આખી મીલકત કોઇ કારણસર પડી જાય અથવા તો તેને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો, સદર **'એ'** ટાવરના દરેક માલીકોએ પોતાના ભાગમાં, પોતાના ખર્ચે બાંધકામ અથવા સમારકામ કરી લેવાનું રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરમાં જવા આવવાનો રસ્તો; દાદર; કોમન પેસેજ; કોમન પાણીની લાઇનો તથા કોમન ડ્રેનેજ લાઇન; કોમન લાઇટ ફીટીંગ; ઓવરહેડ પાણીની ટાંકી વિગેરે જે સુવિધાઓ કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર **'એ'** ટાવરના બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરના ફ્રેમ સ્ટ્રક્ચરમાં તથા બહારના એલીવેશનમાં તથા એલીવેશનના કલરમાં, તમો પહેલા પક્ષવાળા કોઇપણ જાતનો ફેરફાર કરી શકશો નહી, એવી સ્પષ્ટ બાંહેધરી તમો પહેલા પક્ષવાળા અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાને

આથી આપો છો. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટની બહારની બાજુમાં, તમો પહેલા પક્ષવાળા કોઈપણ જાતની પ્રોજેકશન આઇટમ લગાડી શકશો નહી.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરના કોમન પેસેજ, દાદર, ઓ.ટી.એસ. તથા અન્ય કોમન સુવિધાઓનો ઉપયોગ, જે તે હેતુ માટે સુવિધાઓ બનાવેલી છે, તેજ હેતુ માટે કરવાનો છે. કોમન પેસેજ તથા દાદરની તેમજ ઓ.ટી.એસ.ની જગ્યામાં, તમો પહેલા પક્ષવાળાએ કોઈપણ પ્રકારનો સામાન મુકવાનો નથી કે તેને કાચું કે પાકું બાંધકામ કરીને, તમો પહેલા પક્ષવાળા આંતરી શકશો નહી.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરની ઉપરની અગાસીમાં તમો પહેલા પક્ષવાળાનો અથવાતો, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના બીજા અન્ય તમામ ફ્લેટ માલીકોનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તેની સંપુર્ણપણે માલીકી ફક્ત અમો લખી આપનારાઓની રહેશે અને તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફ્લેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપવાનો નક્કી કર્યો છે. તેમજ ભવિષ્યમાં બાકી રહેલી એફ.એસ.આઇ. મુજબ, અમો ત્રીજા પક્ષવાળાને, અગર વડોદરા મહાનગર સેવા સદન તરફથી, જો વધારાની બાંધકામ કરવાની પરવાનગી મળે અને અગર અમો ત્રીજા પક્ષવાળા તે વધારાનું બાંધકામ પાછળથી કરીએ તો, તેમાં તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અગર તો, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે ભેગા મળીને, કોઈપણ જાતનો વાંધો કે હરકત કે અડચણ કરવાની નથી અને તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ફ્લેટ તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખવાનો નક્કી કર્યો છે. તેમજ અમો ત્રીજા પક્ષવાળા તે વધારાનું બાંધકામ જ્યારે કરીએ ત્યારે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી આખી યોજનામાં તેમજ **'એ'** ટાવરમાં જે જે સુવિધાઓ ઉપલબ્ધ છે, તે તમામ સુવિધાઓનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા અમો ત્રીજા પક્ષવાળા હક્કદાર રહીશું. તેમજ સદર અગાસી અમો ત્રીજા પક્ષવાળા બીજા કોઈપણ ઈસમને કોઈપણ રીતે લખી આપવા પણ હક્કદાર છીએ એટલે કે, તે અગાસી

અમો ત્રીજા પક્ષવાળા બીજા કોઈપણ ઈસમને વેચાણ કરવા, ભાડે આપવા, ગીરો મુકવા હક્કદાર રહીશું. તદ્ઉપરાંત, અમો ત્રીજા પક્ષવાળા, સદર અગાસીમાં એડવેટાઈઝમેન્ટના બોર્ડ મુકવા અથવા તો મોબાઈલ ટાવર ઉભા કરવા પણ માલીક હક્કદાર રહીશું અને તેવે પ્રસંગે, તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અથવા તો, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના બીજા માલીકો સાથે ભેગા મળીને કોઈપણ પ્રકારનો વાંધો ઉઠાવવાનો રહેશે નહી. તેમજ ભવિષ્યમાં જ્યારે પણ અમો ત્રીજા પક્ષવાળા, સદર અગાસી બીજા કોઈપણ ઈસમને વેચાણથી અથવા ભાડેથી આપીએ ત્યારે તેઓ પણ, સદર ઉપર જણાવેલ અગાસી અંગેના હક્ક અને અધિકાર ભોગવવા માલીક હક્કદાર રહેશે.

સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરની ઉપરની અગાસીમાં હાલમાં, સદર આખા બીલ્ડીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ માટે પાણીની ટાંકી બનાવેલી છે. જેથી કરીને, ભવિષ્યમાં, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરની ઉપરની અગાસીમાં અમો ત્રીજા પક્ષવાળા ભવિષ્યમાં વધારાનું બાંધકામ કરીએ ત્યારે, તે નવીન થયેલ બાંધકામની ઉપર જે ખુલ્લી અગાસી આવે, તે ખુલ્લી અગાસીમાં અમો ત્રીજા પક્ષવાળાએ, સદર આખા બીલ્ડીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે પાણીની ટાંકી બનાવવાની રહેશે. તેમજ તે અમો ત્રીજા પક્ષવાળાએ બનાવેલ પાણીની ટાંકીનું રીપેર, મેન્ટેનન્સ કરવા માટે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ અથવા એસોસીએશને નક્કી કરેલ ઈસમને ફક્ત રીપેર, મેન્ટેનન્સ કરવા માટે, સદર અગાસીમાં જવા–આવવાનો હક્ક રહેશે. તે સિવાય, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના કોઈપણ માલીકનો, સદર ખુલ્લી અગાસીમાં કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તેવી સ્પષ્ટ સમજુતી સાથે જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફ્લેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપવાનો નક્કી કર્યો છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાનોની પાછળના ભાગમાં એટલે કે, પુર્વ દિશા તરફ જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે, તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં તમો પહેલા પક્ષવાળાને, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના

અંગે રચાએલ મંડળ અથવા એસોસીએશનના નીતિ નિયમો મુજબ, સદર **'એ'** ટાવરના તમામ ફલેટોના માલીકો સાથે સહીયારી રીતે વાહનનું પાર્કીંગ કરવાનો હક્ક રહેશે. તેમજ સદર પાર્કીંગવાળી ખુલ્લી જગ્યામાં, તમો પહેલા પક્ષવાળા સ્વતંત્ર રીતે અથવા તો, સદર **'એ'** ટાવરના બીજા અન્ય તમામ ફલેટોના માલીકો સાથે ભેગા મળીને કોઇપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી તેમજ કોઇને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કીંગ કરી શકશો નહી. તેમજ સદર પાર્કીંગ પ્લેસનો જે કાંઇપણ સાફસુફીનો ખર્ચ થાય તેમજ તેના મેન્ટેનન્સનો જે કાંઇપણ ખર્ચ થાય તથા જે કાંઇપણ સરકારી વેરા કે ઇલેકટ્રીક લાઇટ બીલ આવે તેમાં તમો પહેલા પક્ષવાળાએ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશનના નક્કી કરેલા નીતી નિયમો પ્રમાણે, તમો પહેલા પક્ષવાળાના હિસ્સે આવતી રકમ આપવાની રહેશે. તેમજ સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાનોના આગળના ભાગમાં જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે, તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં, તમો પહેલા પક્ષવાળાને વાહન પાર્ક કરવાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત કે હિસ્સો રહેશે નહી કારણ કે, સદર પાર્કીંગની ખુલ્લી જગ્યા, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરમાં આવેલ દુકાનોના તમામ માલીકો માટે અનામત રાખવામાં આવેલી છે અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઇ, તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફલેટ તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખવાનો નક્કી કર્યો છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફલેટ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરમાં આવેલ હોવાથી, સદર **'એ'** ટાવરમાં જે લીફટની સુવિધા કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર **'એ'** ટાવરના તમામ ફલેટોના માલીકો સાથે, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે. તેમજ સદર લીફટનો રીપેરીંગ મેન્ટેનન્સ ખર્ચ, ઇલેકટ્રીક લાઇટ બીલ, લીફટ મેનનો પગાર તથા ઇતર તમામ જે કાંઇપણ ખર્ચ થાય તેમાં તમો પહેલા પક્ષવાળાએ, સદર 'સમન્વય સ્પર્શ' એ નામે ઓળખાતી યોજના અંગે રચાએલ મંડળ કે એસોસીએશનના નક્કી થયેલ નીતિ નિયમો મુજબ વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ઉપર વર્ણનમાં જણાવેલ અધુરા બાંધકામવાળા ફ્લેટનું પુર્ણ બાંધકામ તમો પહેલા પક્ષવાળાએ ફક્ત અમો ત્રીજા પક્ષવાળા પાસેથી જ આપણા વચ્ચે ઈલાયદા કરવામાં આવેલ કરાર મુજબ પુરૂં કરાવવાનું રહેશે અને તે શરતને આધિન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફ્લેટ તમો પહેલા પક્ષવાળાએ અમો ત્રીજા પક્ષવાળા પાસેથી આથી વેચાણ રાખવાનો નક્કી કર્યો છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપવા નક્કી કરેલ ફ્લેટના ઉપરના સ્લેબને કોઈપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને ઉપરવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે. તે જ પ્રમાણે, સદર ફ્લેટના નીચેના સ્લેબને પણ કોઈપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને નીચેવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે.

સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવવા અંગેનો સ્ટેમ્પ ડ્યુટીનો તેમજ નોંધણી ફી નો ખર્ચ જે થાય તેમજ મેન્ટેનન્સ ચાર્જના રૂપીયા સીત્તેર હજાર તેમજ ડેવલપમેન્ટ ચાર્જના રૂપીયા, તે બધા તમો પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે. તેમજ સદર મીલકત વેચાણ લેવા સારૂં જે કાંઈપણ સર્વિસ ટેક્ષ, ટી.ડી.એસ. અથવા તો ઈતર બીજો કોઈપણ સરકારી ટેક્ષ ભરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો, તેવે સંજોગે તેવા ભરવાના થતાં તમામ ટેક્ષના નાણાં પણ તમો પહેલા પક્ષવાળાએ ભરવાના રહેશે.

આ બાનાખત અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાએ અમારી રાજીખુશીથી, અક્કલ હોંશીયારીથી, સાફ દિલથી લખી આપ્યું છે, તે અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાને તથા અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાના વંશ, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. તેમજ સદર બાનાખત, લખી આપનાર તથા લખી લેનારની સુચનાથી તથા બન્નેવની સંમતીથી, લી. વડોદરા શહેર નોંધણી કચેરીના પરવાનાવાળા દસ્તાવેજ લખનાર – શ્રી યતિન આનંદલાલ શાહ, લા.નં. ૧૭/૯૩ રે. કલ્પના સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા.

સહી	શાખ
----------------------	--------------------
<u>બીજા પક્ષવાળા/જમીન માલીક :–</u>	

(શ્રી મનીષ કિરીટભાઈ પટેલ)

<u>ત્રીજા પક્ષવાળા/સંમતિ આપનાર :-</u>
મેસર્સ સમન્વય સ્પર્શ એ નામની ભાગીદારી
પેઢીના વહીવટકર્તા ભાગીદાર

(શ્રી ચિંતન દિવ્યાંગકુમાર બ્રહ્મભટ્ટ)

અત્રે .... મતુ

<u>બીજા પક્ષવાળા/જમીન માલીક :–</u>

(શ્રી મનીષ કિરીટભાઇ પટેલ)

<u>ત્રીજા પક્ષવાળા/સંમતિ આપનાર :–</u>

મેસર્સ સમન્વય સ્પર્શ એ નામની ભાગીદારી
પેઢીના વહીવટકર્તા ભાગીદાર

(શ્રી ચિંતન દિવ્યાંગકુમાર બ્રહ્મભટ્ટ)

<u>પહેલા પક્ષવાળા/લખી લેનાર :–</u>

( )

અત્રે .... શાખ

(૧) ---------------------

(૨) ---------------------